# મેદસ્વીતાનું મારણ 'વિદેશી દવા' કેટલી અકસીર

પગરવ
★ પ્રશસ્ત પંડ્યા

વજન ઘટાડતી નવી દવાઓ આપણા દેશના માર્કેટમાં લોન્ચ થઈ છે ત્યારથી તેનું ધૂમ વેચાણ શરૂ થયું છે. હાલમાં વજન ઘટાડનારી 'મોન્જરો' [Mounjaro] નામની દવા છેલ્લા છ મહિનામાં દેશમાં સૌથી વધુ વેચાનારી બીજા ક્રમની દવા છે. મૂળે તો આ દવા એન્ટીડાયાબિટીક તરીકે ઉપયોગમાં લેવાતી હતી અને તે ઇન્જેક્ટેબલ છે. મહદંશે અઠવાડિયામાં એક વાર તેનો ડોઝ લેવાનો હોય છે. આ દવાને લોન્ચ કરનારી કંપની અમેરિકન છે અને 'અમેરિકન ફૂડ અને




ડ્રગ એડમિનિસ્ટ્રેશન' દ્વારા તેને 2021માં મંજૂરી મળી હતી. 'મોન્જરો' બ્રાન્ડની આ દવાનું મુખ્ય કાર્ય શરીરમાં શર્કરાનું પ્રમાણ યથાયોગ્ય રીતે જાળવવાનું છે. તે પછી તેનો ઉપયોગ મોટા પાયે વજન ઘટાડવા પણ થવા લાગ્યો છે.

વજન ઘટાડવા અત્યાર સુધી જાતભાતના નુસખા થતાં આવ્યા છે. ઉપરાંત, મેડિકલ ક્ષેત્રમાં પણ વજન ઘટાડવાની દવાઓ ઉપલબ્ધ હતી પરંતુ હાલમાં 'મોન્જરો' વધુ કારગર સાબિત થઈ રહી છે. ભારતમાં જે રીતે આ દવા માર્કેટમાં બિઝનેસ કરી રહી છે એટલે 'નોવો નોર્ડિસ્કઝ' નામની કંપની દ્વારા 'વેગોવી' [Wegovy] અને 'ઓઝેમ્પિક' [Ozempic] પણ લોન્ચ કરવામાં આવી છે. હવે છ મહિનાથી અનેક લોકો આ દવા લઈ રહ્યા છે ત્યારે તેનો પ્રચાર-પ્રસાર વધ્યો છે. જોકે ધીરે ધીરે તેનો ઉપયોગ કરનારને ખ્યાલ આવી રહ્યો છે કે આ કોઈ જાદુઈ દવા નથી કે તે લેવાથી શરીરમાં તુરંત બદલાવ આવી જાય છે અને આ દવા આડઅસરથી મુક્ત છે તેવું પણ નથી.

આશ્ચર્ય થાય પણ ભારત જેવા વિકાસશીલ દેશમાં જ્યાં એક તરફ મસમોટો વર્ગ ગરીબી રેખાની નીચે જીવે છે ત્યાં મેદસ્વીતા પણ જોવા મળે છે. ગત્ વર્ષે થયેલા 'નેશનલ ફેમિલી હેલ્થ સર્વે' મુજબ દેશના 25% ની આસપાસના લોકો મેદસ્વીતા ધરાવે છે. છેલ્લા દાયકામાં મેદસ્વીતાનો દર વધી રહ્યો છે અને તેનું કારણ અનિયમિત જીવનશૈલી અને આહાર છે. મેદસ્વીતા અનેક બીમારીને આમંત્રણ આપે છે. વિશેષ કરીને હૃદય અને ડાયાબિટીઝ જેવી બીમારીને. મેદસ્વીતાના આંકડા ગંભીર છે અને ભારતમાં તેની અસર દેખાવા માંડી છે તેવું અનેક અભ્યાસીઓએ નોંધ્યું છે. જોકે આંકડા કરતાં અભ્યાસીઓ અથવા તો ન્યૂઝ ચેનલમાં પણ વ્યક્તિગત કેસોને દેખાડવવામાં આવે છે - જેથી લોકોમાં જાગૃતિ આવે. જેમ કે, યૂટ્યુબર મોહક મંડલે 'વ્હાય આર ઇન્ડિયન મેન ફેટ?'ના મથાળેથી એક વિડિયો કર્યો છે. આ વિડિયોમાં મોહક મધ્યપ્રદેશના 27 વર્ષીય સાગર વ્યાસનો કેસ દાખવી રહ્યા છે. સાગર વિડિયો એડિટર છે અને તેઓ આહારમાં કોઈ જ ધ્યાન રાખ્યું નથી, જે કારણે તેઓ મેદસ્વીતાના શિકાર થયા છે. મોહક આ રીતે અનેક કેસ સ્ટડિઝ દાખવ્યા છે. મેદસ્વીતાના આવાં કિસ્સાઓ આપણી આસપાસ પણ જોવા મળશે. 'ઇન્ડિયન એક્સપ્રેસ'માં 1 નવેમ્બરના રોજ 'મેન્જોરા' દવા વિશેનો વિસ્તારપૂર્વક અહેવાલ પ્રકાશિત થયો છે. તેમાં એક કેસ સ્ટડીઝ શ્યામલા કશ્યપ નામની યુવતિનો છે. 2017માં શ્યામલાને ફ્રેક્ચર થયું અને તેને ફિઝિકલ એક્ટિવિટીમાં એકાએક ઘટાડો આવ્યો. થોડા વખતમાં તેનું વજન વધતું ગયું અને એક પોઇન્ટ પર એટલું વધ્યું કે તેને શરીર અનકમ્ફર્ટેબલ લાગવા માંડ્યું. વજન ઘટાડવા માટે તેણે ફીટનેસ ગ્રુપ જોઈન કર્યું. પોતાના આહારનું આયોજન કર્યું. કેલરીઝની નિર્ધારિત માત્રા ઠરાવી. આ પ્રયાસોથી કોઈ પરિણામ ન આવ્યું; તેથી શ્યામલાએ આખરે બારીઆટ્રીક સર્જરી કરાવવાનું પણ નક્કી કર્યું. આ સર્જરી મેદસ્વીતા ઘટાડવા માટે થાય છે. 2022માં શ્યામલાનું વજન 158 કિલો સુધી પહોંચી ગયું. તે વખતે પણ તેણે રોજની કેલરી ડૉક્ટર દ્વારા સૂચિત કરેલી 1800ની આસપાસની હતી. આખરે 2023માં તેને 'નોવો નોર્ડિસ્ક'ની રિબેલિસિસ નામની દવા સજેસ્ટ કરવામાં આવી. આ દવાનો ઉપયોગ મુખ્યત્વે શુગર કન્ટ્રોલ કરવા માટે થતો હતો. આ દવા તેણે ડૉક્ટરે કહ્યા મુજબ લેવા માંડી અને બે વર્ષ પછી શ્યામલાનું વજન આઠ કિલો ઘટ્યું હતું. આ દરમિયાન શ્યામલાને સોશ્યલ મીડિયામાં વજન ઘટાડવાની ચમત્કારિક 'મોન્જેરો' દવા વિશે જાણવા મળ્યું. આ દવા ત્યારે ભારતમાં ઉપલબ્ધ નહોતી. અનેક લોકો ઓનલાઇન પ્લેટફોર્મ દ્વારા વિદેશમાંથી તેને મંગાવી રહ્યા હતા. પહેલાં શ્યામલાએ તેની કિંમત જાણી તો તેને લાગ્યું કે આ દવા તેને નહીં પોસાય. તેના ડૉક્ટરે થોડા સમય માટે તેને વાટ જોવાનું કહ્યું. 'મોન્જેરો' થોડા વખતમાં ભારતમાં ઉપલબ્ધ થઈ અને તે વખતે પહેલુંવહેલું જેમનું પ્રિસ્ક્રિપ્શન મોન્જેરો માટે લખાયું તે શ્યામલા હતી. આ સામાન્ય રીતે મોન્જેરોનો ડોઝ 2.5 એમજી હતો પરંતુ શ્યામલાના કિસ્સામાં ડોઝ સામાન્યથી બમણો રાખવામાં આવ્યો હતો. આ દવાથી તેનું વજન 132 સુધી આવ્યું છે. મતલબ કે થોડા જ સમયમાં 26 કિલો ઉતર્યું છે. શ્યામલા પોતાના શરીરમાં આવેલા ફેરફાર પર વિશ્વાસ થઈ રહ્યો નથી. જોકે તે એટલું ચોક્કસ કહે છે કે, 'આ દવા કંઈ જાદુ નથી. સોશિયલ મીડિયા પર દવા વિશે જે રીતે બઢાઈ ચઢાઈને લખવામાં આવી રહ્યું છે - તે સાચું નથી. તમારે શિસ્ત જાળવીને ધીરજ રાખવાની હોય છે. બીજું કે આ દવાની કિંમત ચૂકવવાની થાય છે. તેથી તેને યોગ્ય રીતે લેવી હિતાવહ છે. ઉપરાંત આ દવા ઇન્શ્યોરન્સમાં કવર થતી નથી.'

**ભારતમાં જે રીતે આ દવા માર્કેટમાં બિઝનેસ કરી રહી છે એટલે 'નોવો નોર્ડિસ્કઝ' નામની કંપનીએ 'વેગોવી' [Wegovy] અને 'ઓઝેમ્પિક' [Ozempic] પણ લોન્ચ કરી છે. હવે છ મહિનાથી અનેક લોકો આ દવા લઈ રહ્યા છે ત્યારે તેનો પ્રચાર-પ્રસાર વધ્યો છે**

આ દવા મોંઘી છે અને તેની કિંમત સૌને પોસાય તેવી નથી. જેમ કે, મોન્જેરો દવાના 2.5 એમજીના એક ડોઝની કિંમત 3500 રૂપિયા સુધી થાય છે અને જ્યારે આ દવા 5 એમજી સુધી લેવામાં આવે તો તેની કિંમત 4,375ની આસપાસની થાય છે. મતલબ કે ડોઝ મુજબ તમારો મહિનાનો ખર્ચ પંદરથી સત્તર હજાર આવી શકે છે. જ્યારે 'નોવો નોર્ડિસ્કઝ' નામની કંપનીએ 'વેગોવી' [Wegovy]ની કિંમત તે કરતાં પણ વધુ છે. આ દવાનું મહિને મોન્જેરો કરતા બજેટ દસ હજાર સુધી વધી જાય છે.

આ વિશે ડૉક્ટર શું કહે છે તે પણ જાણી લેવું જોઈએ. સ્વાભાવિક છે કે હજુ છ મહિનાથી ભારતમાં આ દવા લોન્ચ થઈ છે. તેના પરિણામ શ્યામલા સહિત અનેક લોકોને દેખાયા છે, પરંતુ તેની આડઅસરને લઈને હજુ બધી જ વાતો પ્રકાશમાં આવી નથી. ઇન્ડિયન એક્સપ્રેસમાં ડૉ. નિખીલ ટંડન - જેઓ નવી દિલ્હીના એઇમ્સ ખાતે ડાયાબિટીઝના ડૉક્ટર છે તેમણે કેટલીક સ્પષ્ટતા કરી છે. તેમને પૂછવામાં આવ્યું કે વજન ઉતારનારી આ દવાઓ લેતાં પહેલાં ડૉક્ટર સાથે શું વાત કરવી જોઈએ? તેમનો ઉત્તર છે કે, પહેલાં તો એ સ્થાપિત થવું જોઈએ કે તમને આ દવાની જરૂર છે. મતલબ કે તમને અન્ય કોઈ બીમારી નથી અને જો તમે તેને ડૉક્ટર વિના જ લેવા માંડો તો આડઅસરના કિસ્સામાં તેની સારવાર મુશ્કેલ થઈ પડશે. ડૉ. નિખીલ ટંડનને આ દવાની આડઅસર વિશે પૂછવામાં આવ્યું તો તેમણે કહ્યું કે, દુનિયામાં એવી કોઈ દવા નથી જેની કોઈ આડઅસર ન હોય. સૌથી સામાન્ય આડઅસર પેટની તકલીફની છે. આ આડઅસરને તમે ધીરેધીરે ડોઝ વધારીને ખાળી શકો છો. બીજું કે ઘણા કિસ્સામાં આની અસરથી લોકોને સ્નાયુનો દુખાવો પણ થાય છે. ખુદ ડૉ. નિખિલ ટંડનનું માનવું છે કે આ દવા માત્ર શરૂઆતમાં વજન ઉતારવા માટે છે, પણ પછી આહાર અને ફિઝિકલ એક્ટિવિટી આવશ્યક છે અને જો સ્વસ્થ જીવનશૈલી તરફ ન ઢળીએ ત્યારે શરીરનું વજન ફરી વધવા લાગશે.

દેશમાં સૌથી વધુ મેદસ્વીતા ધરાવનારા રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની યાદી જોઈએ તો તેમાં અંદમાન નિકોબાર પ્રથમ આવે છે. અહીંયા 38 ટકા લોકો મેદસ્વીતા ધરાવે છે. મોટા રાજ્યોમાં આંધ્ર પ્રદેશ સૌથી વધુ મેદસ્વીતા ધરાવનારું રાજ્ય છે. તે પછી કેરલ, તમિલનાડુ આવે છે. દસમા ક્રમાંકે પંજાબ આવે છે. તેલંગાણા અને મહારાષ્ટ્ર પણ મેદસ્વીતામાં દેશમાં અગ્રહરોળમાં આવે છે. આ યાદી જોઈએ તો તેમાં મહદંશે દક્ષિણના રાજ્યો વધુ છે. ગુજરાતનો ક્રમ 23મો છે. આપણા રાજ્યમાં 20%ની આસપાસ લોકો મેદસ્વીતાના શિકાર થયા છે. સૌથી ઓછી મેદસ્વીતા ધરાવનારાં રાજ્યોમાં છત્તીસગઢ, મધ્ય પ્રદેશ ને ઝારખંડ છે. નાનો રાજ્યોમાં સૌથી ઓછી મેદસ્વીતા ધરાવનારુ રાજ્ય મેઘાલય છે.

જે દવાઓની આગળ ચર્ચા કરી તે દવા હાલમાં મેદસ્વીતા ઘટાડવાના અકસીર ઇલાજ તરીકે જોવામાં આવી રહી છે. જો કે તેને ઉપયોગમાં લીધા પછી થોડો સમય જશે પછી ખ્યાલ આવશે કે આ દવા કેટલીક કારગર છે.

